# તા.૧૨/૦૨/૨૦૨૨ ના બોર્ડ ઓફ ડાયરેકટર્સની મીટીંગમાં ઠરાવ નં.૧૩ થી મંજુર કરવામાં આવેલ. નામજોગ (વ્યકિતગત) / મંડળી મારફત ખેડુત ખાતેદાર તથા પશુપાલક માટે પશુપાલન લોન (પશુ ખરીદવા) માટેની ધિરાણનિતિ.

| ક્રમ | મુદા | વિગત |
|---|---|---|
| ૧ | હેતુ | **દુધાળા પશુ ખરીદવા માટે ધિરાણ ની સુવિધા આપવા માટે** |
| ૨ | લોન મેળવવાની પાત્રતા | • બેંકમાં થાપણ ખાતુ ધરાવતો હોવો જોઈએ.<br>• ડેરી ધ્વારા ભલામણ થયેલ પશુપાલક હોવો જોઈએ.<br>• અરજદાર/જામીનને બેંકના નોમીનલ સભ્ય બનાવવાના રહેશે.<br>• કાર્યવિસ્તારનો રહેવાસી હોવો જોઈએ.<br>• સ્વ–સહાય જુથ/સખી મંડળ (પશુપાલન પ્રવૃતિ ધરાવતા) ધિરાણને પાત્ર ગણાશે.<br>• જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી/ તાલુકા વિકાસ અધિકારી / ડી.આઈ.સી. દ્વારા ભલામણ થયેલ સબસીડીપાત્ર કેસો સામેલ કરી શકાશે.<br>• અરજદાર/સહઅરજદારની ઉંમર ૧૮ વર્ષથી ૬૦ વર્ષ સુધીની હોવી જોઈએ. પરંતુ અરજદારની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોય તો ઘરના અન્ય કોઈ નાની ઉંમરના વ્યસ્ક સભ્યને સહઅરજદાર બનાવવાના રહેશે.<br>• અરજદાર ખેતિ વિષયક જમીન અથવા સ્થાવર મિલ્કત ધરાવતો હોવો જોઈએ. અથવા જામીનની જમીન તારણમાં આપી શકે તેમ હોવો જોઈએ.<br>• અરજદાર અન્ય મંડળી કે બેંકનો બાકીદાર ન હોવો જોઈએ પરંતુ આ હેતુ સિવાય અન્ય હેતુ માટેની લોન મેળવેલ હશે અને તે લોન મુદતવિતિ નહી હોય તો લોન આપી શકાશે. |
| ૩ | રીપેઈંગ કેપેસીટી | • અરજદારની વાર્ષિક આવક ઓછામાં ઓછી રૂા.૧,૦૦,૦૦૦/–ની હોવી જોઈએ. બી.પી.એલ.લાભાર્થી તેમજ સ્વ–સહાય જુથના કિસ્સામાં સરકારશ્રીના ધારા ધોરણ મુજબ.<br>• અરજદાર જયાં દુધ જમા કરાવતા હોય તે ડેરી/ ખાનગી એકમનું આવક અંગેનું પ્રમાણપત્ર આવકના દાખલા માટે માન્ય ગણાશે. |
| ૪ | માર્જીન | • પશુ ધન જેમની પાસે ખરીદતા હોય તેના કવોટેશનની રકમના ૧૦ % માર્જીન રહેશે. જે રકમ ધિરાણ સમયે બેંકમાં ખાતેદારે જમા કરાવવાની રહેશે. સબસીડી પાત્ર કેસોમાં રૂા.૧,૦૦,૦૦૦/–ની લોન સુધી માર્જીન લેવાનું રહેશે નહી. |
| ૫ | લોનની મર્યાદા | • નાબાર્ડ દ્વારા નિયત થયેલ યુનિટ કોસ્ટ મુજબ રૂા.૬,૦૦,૦૦૦/–સુધી. ઓછામાં ઓછા ૨ અને વધુમાં વધુ ૧૦ પશુની ખરીદી સુધી સબસીડી માટે પાત્ર રહેશે. |
| ૬ | મુદત / હપ્તાની સંખ્યા | • ૬૦ માસિક હપ્તાથી (વ્યાજ સહિત) રકમ ભરપાઈ કરવાની રહેશે. |
| ૭ | જામીનગીરી | • બેંકને માન્ય હોય તેવા ખેતિવિષયક/ બિનખેતિવિષયક મિલ્કત ધરાવતા બે સધ્ધર જામીન આપવાના રહેશે.મિલ્કતના આધારો સાથે આપવાના રહેશે.જામીનને બેંકના નોમીનલ સભ્ય બનાવવાના રહેશે. |
| ૮ | લોન અરજી સાથે બીડવાના આધારો | • બેંકના નમુનામાં અરજી<br>• અરજદાર અને બે જામીનદારના તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ<br>• અરજદાર અને જામીનદારના આઈ.ડી.પ્રુફ,એડ્રેસપ્રુફ (આધાર કાર્ડ,પાનકાર્ડ, ચુંટણી કાર્ડની રાશનકાર્ડ,ડ્રાઈવીંગ લાયસન્સન,પાસપોર્ટની નકલ)<br>• વાર્ષિક આવકનો દાખલો<br>• પશુ ધન જેમની પાસે ખરીદતા હોય તેના કવોટેશન<br>• લગત મંડળીનું નો–ડયુ સર્ટીફીકેટ / સીબીલ રીપોર્ટ<br>• અરજદાર અને જામીનદારની મિલ્કત / ખેતિની જમીનના આધારોની નકલ.<br>• જામીનદારોનું લેખિત સંમતીપત્ર સામેલ કરવાનું રહેશે.<br>• અરજદાર જો કોઈ સહકારી મંડળી / દુધ મંડળી / ડેરી સાથે જોડાયેલ હોય તો તેની ભલામણ અરજી સાથે રજુ કરવાની રહેશે. |

Kachchh Dist. Central Co-Op. Bank Ltd. BHUJ Kachchh

| ક્રમ | મુદ્દા | વિગત |
|---|---|---|
| ૯ | ચકાસણી ફી | • નામજોગ (વ્યકિતગત) અરજદાર પાસેથી મંજુર લોનના અડધા ટકો ચકાસણી ફી તથા રૂા.૨૫૦/– ઈર્ન્ફોમેશન રીપોર્ટના આકારવાની રહેશે.મંડળી મારફતે ધિરાણ મેળવવાનું હોય તો ઈન્ફોરમેશન રીપોર્ટના અરજદાર દીઠ રૂા.૨૫૦/– અને મંડળી પાસેથી સ્ટેશનરી ચાર્જ રૂા.૧,૦૦૦/–+ GST આકારવાના રહેશે.<br>• જો જામીનદારની મિલ્કત તારણમાં આપવાની હશે તો તેના ઈર્ન્ફોમેશન રીપોર્ટના રૂા.૨૫૦/– અલગથી આપવાના રહેશે. |
| ૧૦ | લોન ધિરાણ સમયે લેવાના દસ્તાવેજ | • પ્રોમીશરી નોટસ<br>• કન્ટીન્યુઈંગ ગેરેન્ટી બોન્ડ<br>• પશુધન ખરીદવાનું બિલ<br>• ધિરાણની શરતો માન્ય રાખવાનું કબુલાતનામું<br>• જરૂરીયાત મુજબના અરજદારના ખાતાના એડવાન્સ સહી કરેલા ચેકો.<br>• લોનથી ખરીદાયેલ પશુધનનો ફુલ વીમો,ટેગીંગ અને વેટરનરી ડોકટરનું સર્ટિફીકેટ<br>• ખેતિની જમીન પર બોજા નોંધ માટે એકરારનામા / મિલ્કતનું રજીસ્ટર્ડ મોર્ગેજ ડીડ સામેલ કરવાનું રહેશે. |
| ૧૧ | લોન ઉપાડ બાદ રજુ કરવાના આધારો | • પશુ ધન આપનારને પરબારે કરેલ ચુકવણા સામે પહોંચ |
| ૧૨ | સીકયોરીટી | • અરજદાર ઓછામાં ઓછી ૫ એકર જમીન અથવા સ્થાવર મિલ્કત ધરાવતા હોવા જોઈએ અને તેમની જમીન પર બોજો નોંધાવવાનો રહેશે.જે કિસ્સામાં જમીન ધરાવતા ન હોય તેમણે સ્થાવર મિલ્કત મોર્ગેજ કરાવવાની રહેશે.<br>અથવા જામીનદારની સ્થાવર મિલ્કત મોર્ગેજ કરાવવાની રહેશે. / ૫ એકર જમીન તારણમાં આપી શકશે અને આ જમીન પર બેંકનો બોજો નોંધાવવાનો રહેશે. ખેતિવિષયક /બિનખેતિવિષયક મિલ્કતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ કરાવવાનું રહેશે. તથા બિન ખેતિવિષયક મિલ્કતનું વેલ્યુએશન કરાવવાનું રહેશે અને મિલ્કતના વેલ્યુએશનની કિંમત ૬૦% લોન મળી શકશે. |
| ૧૩ | વ્યાજનો દર | • બેંકના પ્રવર્તમાન વ્યાજના દરે ધિરાણ થશે. |
| ૧૪ | વ્યાજની આકરણી | • અર્ધ વાર્ષિક ધોરણે કરવામાં આવશે. |
| ૧૫ | લોક ઈન પીરીયડ | • સબસીડી વાળા ખાતામાં લોક ઈન પીરીયડ ત્રણ વર્ષનો રહેશે.સબસીડી આવેલ હોય તે ખાતામાં ધિરાણની તારીખથી ૩ વર્ષ પહેલા સબસીડી ખાતેદારોના ખાતામાં જમા આપવાની નથી.જે ખાતેદારના લોન ખાતામાં ૩ વર્ષ પહેલા સબસીડી જમા આપવામાં આવશે તો સબસીડી ૨૧% વ્યાજ સહિત પરત કરવાની રહેશે. વ્યાજનો દર નાબાર્ડની ગાઈડલાઈન્સ પ્રમાણે ફેરફારને આધિન.જો ખાતું ૩ વર્ષ પહેલા ચુકતે થઈ જાય અથવા લોન ખાતું NPA થાય ત્યારે સબસીડી ની રકમ મુખ્ય કચેરીને પરત આપવાની રહેશે. |
| ૧૬ | શેર / ડિપોઝીટ | • મંડળી મારફતે ધિરાણ મેળવતા સભાસદે લોનની રકમના ૨% પ્રમાણે શેર લેવાના રહેશે. જયારે ડાયરેકટ ધિરાણ મેળવતા સભાસદોએ ૫% પ્રમાણે ફિકસ ડીપોઝીટ રાખવાની રહેશે. |

The Kachchh Dist. Central Co-Op. Bank Ltd. (O) BHUJ Kachchh

ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર